તા. 08-09-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-09-2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર

## *આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.*

---

- ✓ વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકર આજે સાઉદી અરેબિયામાં પ્રથમ ઇન્ડિયા ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ-જીસીસીની બેઠકમાં ભાગ લેશે.
- ✓ સંયુક્ત આરબ અમીરાત-યુએઇના યુવરાજ શેખ ખાલિદ બિન મોહમ્મદ આજે ભારતની મુલાકાતે આવશે.
- ✓ જમ્મુ કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ખાતરી.
- ✓ ઈટાલિયન પ્રધાનમંત્રી જ્યોર્જિયા મિલોની કહ્યું છે કે, યુક્રેન સંઘર્ષ ઉકેલવામાં ભારત અને ચીન મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે
- ✓ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતને વધુ બે ચંદ્રકો - ભાલા ફેંકમાં નવદીપ સિંધને સુવર્ણચંદ્રક.
- ✓ બેલારુસની એરિના સબાલેન્કેએ યુએસ ઓપન ચેમ્પિયનનો ખિતાબ જીત્યો.

.........................................................................

તા. 08-09-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# JAISHANKAR - RIYADH BERLIN GENEVA

વિદેશ મંત્રી એસ. જયશંકર ભારત-અખાત સહયોગ પરિષદના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠકમાં ભાગ લેવા માટે આજે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ જઈ રહ્યા છે.

આ બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ પરિષદના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે. અખાત સહયોગ પરિષદ ક્ષેત્ર ભારતના મુખ્ય વેપાર ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં લગભગ નેવું લાખ ભારતીયો વસે છે. મુલાકાતના બીજા તબક્કામાં ડૉ. જયશંકર બે દિવસની મુલાકાતે મંગળવારે જર્મનીની રાજધાની બર્લિનની મુલાકાત લેશે. બર્લિનની આ તેમની ત્રીજી મુલાકાત હશે. જર્મની ભારતમાં સૌથી વધુ રોકાણ કરનારા દેશોમાંથી એક છે. ડૉ.જયશંકર જર્મનીના વિદેશ મંત્રીને પણ મળશે.

ડો. જયશંકર આ મહિનાની 12મી તારીખથી સ્વિટ્ઝર્લેન્ડના જીનીવાની મુલાકાત લેશે. જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રની ઘણી શાખાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આવેલી છે.

આ મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી આ સંસ્થાઓના વડાઓ અને પ્રતિનિધિઓને મળશે જેની સાથે ભારત સક્રિય રીતે સંકળાયેલું છે. ડૉ.જયશંકર સ્વિત્ઝર્લેન્ડના વિદેશ મંત્રીને પણ મળશે.

........................................................................................................

તા. 08-09-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# UAE CROWN PRINCE - INDIA VISIT

સંયુક્ત આરબ અમીરાતના યુવરાજ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ  નાહયાન આજે ભારત આવશે. તેઓ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

આ મુલાકાતનો ઉદ્દેશ્ય UAE અને ભારત વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવાનો છે. શ્રી ખાલિદની સાથે મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને આર્થિક ભાગીદારોનું પ્રતિનિધિમંડળ પણ છે. શ્રી ખાલિદ આર્થિક સહયોગ વધારવા માટે ભારતમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક પણ કરશે. તેઓ વિવિધ ક્ષેત્રોમાં અમીરાત અને ભારત વચ્ચેના મજબૂત આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને ઉજાગર કરતા અનેક કાર્યક્રમમાં ભાગ લેશે.

UAE અને ભારત વચ્ચે આર્થિક વિકાસ, રોકાણ, વેપાર અને આબોહવા પરિવર્તન નિયંત્રણના ક્ષેત્રોમાં હાલની ભાગીદારી રચનાત્મક સહયોગનું આંતરરાષ્ટ્રીય મોડેલ બની ગયું છે. બંને દેશોએ વૈશ્વિક સ્થિરતા અને શાંતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે.

..........................................................................................................

# AMIT SHAH –JAMMU

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈકાલે વિધાનસભા ચૂંટણી પછી જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી.

જમ્મુમાં એક જાહેર સભાને સંબોધતા, તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આવનારી વિધાનસભા ચૂંટણી ઐતિહાસિક છે. કારણ કે,  મોદી સરકાર દ્વારા કલમ 370 નાબૂદ કર્યા પછી તે પ્રથમ વખત રાષ્ટ્રીય ધ્વજ અને બંધારણ હેઠળ થઈ રહી છે.

તા. 08-09-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રી શાહે કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધન પર 'જૂની સિસ્ટમ'ને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરવાનો આરોપ પણ મૂક્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સનું ગઠબંધન જમ્મુ કશ્મીરને ફરી એકવાર આતંકવાદની આગમાં ધકેલવાનો પ્રયાસ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, એનડીએ સરકાર આતંકવાદના પુનરુત્થાન, 'સ્વાયત્તતા' અને ગુર્જરો, પહાડીઓ, બકરવાલ અને દલિતો સહિત કોઈપણ સમુદાય સાથે અન્યાય થવા દેશે નહીં જેમને ભાજપ સરકાર દ્વારા અનામત આપવામાં આવી છે. ગૃહમંત્રી 18 સપ્ટેમ્બરથી શરૂ થનારી ત્રણ તબક્કાની વિધાનસભા ચૂંટણી માટે ભાજપના ચૂંટણી પ્રચારને વેગ આપવા જમ્મુમાં બે દિવસની મુલાકાતે છે.

.............................................................................................................

# VP VISIT GKP

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું છે કે, શિક્ષણ એ પરિવર્તન લાવવાનું અને સમાજના કુરિવાજો અને દૂષણોને દૂર કરવાનું માધ્યમ છે.

તેમણે ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં એક સૈનિક સ્કૂલના ઉદ્ઘાટન સમારોહમાં આ મુજબ જણાવ્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, તેઓ સૈનિક સ્કૂલમાં આવીને ખુશ છે કારણ કે, તેઓ પોતે સૈનિક સ્કૂલ ચિત્તોડગઢના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમણે કહ્યું કે, આ સૈનિક સ્કૂલમાં વધુ સારી સુવિધાઓ અને માળખાકીય સુવિધા છે, જે દેશની અન્ય સૈનિક સ્કૂલો માટે એક ઉદાહરણ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ પ્રસંગે કહ્યું કે, ગોરખપુર નજીકના નેપાળ, પશ્ચિમ બિહાર અને પૂર્વાંચલમાં રહેતી લગભગ 3 કરોડની વસ્તી માટે શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓનું કેન્દ્ર છે. ગોરખપુર પૂર્વીય ઉત્તરપ્રદેશના વિકાસને વિવિધ ક્ષેત્રોમાં નવી ઓળખ આપી રહ્યું છે.

ગોરખપુર સૈનિક સ્કૂલ એ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. તે પૂર્વીય ઉત્તરપ્રદેશની પ્રથમ સૈનિક સ્કૂલ છે અને ઉત્તરપ્રદેશ સૈનિક સ્કૂલ સોસાયટી દ્વારા સંચાલિત બીજી સૈનિક સ્કૂલ છે. ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિએ ચિત્રકૂટમાં જગત ગુરુ રામભદ્રાચાર્ય દિવ્યાંગ રાજ્ય વિશ્વ વિદ્યાલયમાં આયોજિત 'આધુનિક

જીવનમાં ઋષિ પરંપરા' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે અધ્યક્ષતા કરી હતી.

..............................................................................................

# ITALIAN PM

ઈટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મિલોનીએ કહ્યું છે કે, યુક્રેન સંઘર્ષને ઉકેલવામાં ભારત અને ચીન મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તાજેતરમાં કહ્યું હતું કે, વર્તમાન સંકટને ઉકેલવામાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ હોઈ શકે છે. સુશ્રી મિલોનીનું આ નિવેદન ઇટાલીમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વાલ્ડોમીર ઝેલેન્સ્કી સાથેની તેમની મુલાકાત બાદ આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયા મહિને તેમની યુક્રેનની મુલાકાત દરમિયાન શ્રી ઝેલેન્સકીને કહ્યું હતું કે, યુક્રેન અને રશિયાએ વર્તમાન સંઘર્ષને સમાપ્ત કરવા માટે તાત્કાલિક વાતચીત કરવી જોઈએ અને ભારત આ ક્ષેત્રમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે કોઈપણ ભૂમિકા માટે તૈયાર છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, ભારત શરૂઆતથી જ આ સંકટના શાંતિપૂર્ણ ઉકેલની તરફેણમાં છે અને તે આ માટે વ્યક્તિગત રીતે પ્રયાસો કરવા તૈયાર છે.

યુક્રેનની મુલાકાતના લગભગ દોઢ મહિના પહેલા શ્રી મોદીએ રશિયામાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે પણ મુલાકાત કરી હતી.

..............................................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

............................................................

## PARALYMPIC GAMES

ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં, 10મા દિવસના સમાપન પહેલા વધુ બે મેડલ જીતીને પોતાનું વર્ચસ્વ વધાર્યું છે. પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં ઈરાનનો રમતવીર ગેરલાયક ઠરતાં નવદીપ સિંઘે સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

દરમિયાન, દોડવીર સિમરન શર્માએ મહિલાઓની 200 મીટર ટ્રેક ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારત 7 ગોલ્ડ, 9 સિલ્વર અને 13 બ્રોન્ઝ સહિત કુલ 29 મેડલ સાથે મેડલ ટેલીમાં 16માં સ્થાને પહોંચી ગયું છે.

..................................................................................................

## PREZ-VP-PM PARALYMPICS

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ પેરિસ પેરાલિમ્પિક ચંદ્રક વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, નવદીપ સિંહે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં સુવર્ણ જીતીને રમતપ્રેમીઓનું દિલ જીતી લીધું છે અને દેશને તેના પર ગર્વ છે.

તેમણે આશા વ્યક્ત કરી કે મહિલાઓની 200 મીટર સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતનાર સિમરન શર્મા દેશ માટે વધુ મેડલ જીતશે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, સિમરનની સફળતા તેની મહેનત, સમર્પણ અને નિશ્ચયનું

પરિણામ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સિમરનની સફળતા અન્ય ખેલાડીઓને પણ પ્રેરણા આપશે.

......................................................................................................

# US OPEN FINALS

બેલારુસની એરીના સબાલેન્કાએ પ્રથમ વખત યુએસ ઓપનનો ખિતાબ જીત્યો છે. ફાઇનલમાં તેણે અમેરિકાની જેસિકા પેગુલાને પરાજય આપ્યો હતો. સબલેન્કાનું આ ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ છે.

પુરુષ ડબલ્સ સ્પર્ધામાં મેક્સ પરસેલ અને જોર્ડન થોમસનની ઓસ્ટ્રેલિયન જોડી વિજેતા થઈ છે. આ જોડીએ ફાઇનલમાં જર્મનીના કેવિન ક્રોવિઝ અને ટિમ પ્યૂઝને પરાજય આપ્યો હતો. 1996 પછી આ પ્રથમ વખત છે જ્યારે ઓસ્ટ્રેલિયન જોડીએ યુએસ ઓપનનો ખિતાબ જીત્યો હોય. આ પહેલા આ રેકોર્ડ ટોડ વુડબ્રિજ અને માર્ક વુડફોર્ડના નામે હતો.

યુએસ ઓપનની પુરુષ સિંગલ્સની મેચમાં આજે અમેરિકાના ટેલર ફ્રીસનો મુકાબલો ઈટાલીના જાનિક સિનર સામે થશે. આ પ્રથમ વખત છે જ્યારે સિનર કોઈ ગ્રાન્ડ સ્લેમની ફાઇનલમાં પહોંચ્યો હોય.

......................................................................................................